
# પાકિસ્તાનમાં ચર્ચમાં આત્મઘાતી હુમલો



## ૬૦ મોત, સેંકડો ઘાયલ : પેશાવરમાં ઐતિહાસિક ચર્ચને ટાર્ગેટ બનાવી હુમલો કરાયો : પાકિસ્તાનમાં ખ્રિસ્તી લઘુમતી ઉપર હજુ સુધીનો સૌથી મોટો હુમલો : મોતનો આંકડો વધે તેવી સંભાવના : ભારે અંધાધૂંધી ફેલાઈ : સઘન સુરક્ષા વ્યવસ્થા

પેશાવર,તા. ૨૨

પાકિસ્તાનના પેશાવરમાં આજે ચર્ચમાં કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં ઓછામાં ઓછા ૬૦ લોકોના મોત થયા છે અને અન્ય સેંકડો લોકોને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે. ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં ઐતિહાસિક ચર્ચ ઉપર આ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનમાં ખ્રિસ્તી લઘુમતી ઉપર હજુ સુધીનો સૌથી વિનાશકારી હુમલા તરીકે આને જોવામાં આવે છે. પેશાવરમાં કરાયેલા આ હુમલામાં ઘાયલોની સંખ્યા ૧૨૦થી વધુ આંકવામાં આવી છે. કટ્ટરપંથી ઈસ્લામિક શખ્સો દ્વારા આ હુમલાને અંજામ અપાયું હતું. ટોચના સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો ત્યારે ચર્ચમાંથી સેંકડોની સંખ્યામાં લોકો બહાર આવી રહ્યા હતા.આ હુમલો જુના ચર્ચમાં કરાયો હતો. નજીકમાં મુખ્ય બજાર અને શોપિંગ સેન્ટર હોવાથી અહીં મોટી સંખ્યામાં લોકો હંમેશા રહે છે. રવિવારના દિવસે લોકો ચર્ચમાં પ્રાર્થના કર્યા બાદ બહાર આવી રહ્યા હતા ત્યારે આત્મઘાતી હુમલાખોરે બ્લાસ્ટ કર્યો હતો. આ વિસ્તારમાં ખ્રિસ્તી સમુદાયના લોકો ખૂબ મોટા પ્રમાણમાં રહે છે. એસએસપી નજીબુલ્લાએ કહ્યું છે કે, આ હુમલામાં મોતનો આંકડો હજુ ખૂબ ઉપર જઈ શકે છે. આત્મઘાતી બોમ્બરો બે હતા કે એક તે સંબંધમાં જાણી શકાયું નથી. કેટલાક અહેવાલમાં બે બોમ્બરો હોવાની વાત કરાઈ છે. સાક્ષીઓના જણાવ્યા મુજબ બે પ્રચંડ બ્લાસ્ટના અવાજ સંભળાયા હતા. જે પૈકી પ્રથમ કરતા બીજો બ્લાસ્ટ વધુ શક્તિશાળી હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ બન્ને બ્લાસ્ટ આત્મઘાતી બોમ્બર દ્વારા કરાયા હતા. ભારે અફરાતફરી અને અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. આ આત્મઘાતી હુમલો કરાયો ત્યારે ચર્ચમાં ૪૦૦થી વધુ શ્રદ્ધાળુઓ હોવાનું જાણવા મળ્યુ છે. પેશાવરની એક હોસ્પિટલમાં આરોગ્ય અધિકારીઓએ કહ્યુંછે કે, બ્લાસ્ટમાં ૧૨૦થી પણ વધુ લોકોને ઘાયલ હાલતમાં લાવવામાં આવ્યા છે. હોસ્પિટલમાં અન્ય એક તબીબ શેરઅલીખાને કહ્યું છે કે, માર્યાગયેલાઓમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. આ હુમલા માટેની જવાબદારી કોઈપણ સંગઠને સ્વીકારી નથી. પરંતુ એવી શંકા છે કે, દેશના ઘણા ઈસ્લામીક આતંકવાદી સંગઠનો પૈકી કોઈ એકનું આ કૃત્ય હોઈ શકે છે. ઈસ્લામીક આતંકવાદીઓ ઉપર અગાઉ પણ આવા આક્ષેપો થયા છે.



## હુમલા બાદ પાકમાં ખ્રિસ્તી સમુદાયમાં દહેશત ફેલાઈ

**ત્રણ દિવસના શોકની જાહેરાત કરાઈ : ખ્રિસ્તી સમુદાય દ્વારા અગાઉ સુરક્ષા વધારવાની માંગ કરાઈ હતી પરંતુ ધ્યાન અપાયું નથી : અહેવાલમાં ધડાકો**

પેશાવર,તા. ૨૨

પાકિસ્તાનના પેશાવર નજીક ખ્રિસ્તી ચર્ચને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાનમાં રહેતા ખ્રિસ્તી સમુદાયના લોકોમાં દહેશત ફેલાઈ ગઈ છે. પૂર્વીય શહેર લાહોરના બીસપ ઈરફાન જમીલનું કહેવું છે કે, પાકિસ્તાનમાં ખ્રિસ્તી લોકો સામે આ સૌથી મોટો હુમલો કરાયો છે. બીજી બાજુ પેશાવરમાં બીસપ સરફરાઝ હેમ્ફ્રે દ્વારા ત્રણ દિવસના શોકની જાહેરાત કરી દેવાઈ છે. તેમણે કહ્યું છે કે, દેશમાં રહેતા ખ્રિસ્તી સમુદાયના લોકોને રક્ષણ આપવામાં સરકાર અને સુરક્ષા સંસ્થાઓ નિષ્ફળ રહી છે.

જો સરકારની ઈચ્છા રહી હોત તો આતંકવાદી હુમલાઓને રોકી શકાયા હોત. અમે વારંવાર સુરક્ષા વધારવાની માંગ કરી રહ્યા હતા પરંતુ ધ્યાન અપાયું ન હતું. જુન મહીનામાં પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે નવાજ શરીફે સત્તા સંભાળી લીધા બાદથી દેશમાં ડઝન જેટલા આતંકવાદી હુમલા થઈ ચુક્યા છે. શાંતિમાં માનતા હોવાની વાત નવાજ શરીફ કરી રહ્યા છે પરંતુ તેમના શાસનમાં હુમલાઓ એકાએક વધી ગયા છે. નવાજ શરીફે આ હુમલાને વખોડી કાઢીને કહ્યું છે કે, આતંકવાદીઓને કોઈ ધર્મ નથી. ઈસ્લામ અને તમામ ધર્મના શિક્ષણ સામે તેઓ નિર્દોષ લોકોને ટાર્ગેટ બનાવે છે.આવનાર દિવસોમાં આ હુમલાને લઈ વિરોધ કરાશે.

# નૈરોબી હુમલામાં મૃતાંક વધીને ૫૯ ઉપર પહોંચ્યો

## વધુ હુમલાઓ કરવાની ત્રાસવાદીઓની ધમકી : ઈજાગ્રસ્તો પૈકી ૪ ભારતીયો સારવાર હેઠળ : સોમાલીયન અલ શબાબે ભીષણ હુમલાની જવાબદારી સ્વીકારી લીધી

નૈરોબી,તા. ૨૨

નૈરોબીના એક મોલમાં ગઈકાલે કરવામાં આવેલા ભીષણ આતંકવાદી





હુમલામાં મોતનો આંકડો વધીને આજે ૫૯ ઉપર પહોંચી ગયો હતો. માર્યા ગયેલા લોકોમાં બે ભારતીય લોકો પણ શામેલ છે. જેમાં એક આઠ વર્ષના બાળકનો સમાવેશ થાય છે. ચાર અન્ય ભારતીય લોકો પણ ઘાયલ થયેલા છે. અલકાયદા સાથે સંકળાયેલા સોમાલિયા આતંકવાદી સંગઠન અલશબાબ દ્વારા હુમલાની જવાબદારી સ્વીકારવામાં આવી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યુંછે કે, આ હુમલામાં માર્યા ગયેલા ૪૦ વર્ષના શ્રીધર નટરાજન એક દવા કંપનીમાં કામ કરતા હતા. જ્યારે આઠ વર્ષીય પરમાશુ જૈન બેંક ઓફ વડોદરાના સ્થાનીક શાખાના અધિકારીનો પુત્ર હતો.પ્રવક્તાએ કહ્યું છે કે, હુમલામાં ઘાયલ થયેલી બે મહિલાઓ અને એક યુવતી સહિત ચાર ભારતીયોની સારવાર ચાલી રહી છે. તેમણે એમપણ કહ્યું હતું કે, નૈરોબીમાં સ્થિત ભારતીય મિશન મૃતકોના પરિવારના સંપર્કમાં છે. બીજી બાજુ કેન્યાના પ્રમુખ કેન્યાતાએ કહ્યું છે કે, આ કાયરતા પૂર્વકના હુમલામાં પરિવારના ઘણા સભ્યો માર્યા ગયા છે. સેંકડો લોકોને મોલમાંથી સુરક્ષિત રીતે બચાવી લેવાયા હતા. સુરક્ષાદળોએ યોગ્ય કાર્યવાહી કરી છે. હુમલાખોરોએ લોકોને બાનમાં પકડી લીધા હતા. તેમાંથી મુસ્લિમો કોણ છે અને કોણ નથી તે અંગે પહેલા માહિતી ત્રાસવાદીઓએ માંગી હતી. જે લોકોએ પોતાને મુસ્લિમ ગણાવ્યા હતા તે લોકોને મુક્ત કરી દેવામાં આવ્યા હતા. જ્યારે બિનમુસ્લિમ લોકોને બાનમાં પકડી લેવામાં આવ્યા હતા. આતંકવાદી સંગઠને હુમલાની જવાબદારી સ્વીકારીને કહ્યું છે કે, વર્ષ ૨૦૧૧માં કેન્યાના સુરક્ષાદળો દ્વારા સોમાલિયામાં ઘુસીને ચલાવવામાં આવેલા ઓપરેશનનો જવાબ આપવા આ હુમલો કરાયો છે.

# મુઝફ્ફરનગર હિંસા મામલે ૮૫ સામે અંતે કેસ દાખલ

## તમામ સામે જુદી-જુદી કલમો લગાવાઈ : ૮૫ લોકોમાં ખાપ પરિષદના વડા અને તેમના બે પુત્રોનો પણ સમાવેશ

મુઝફ્ફરનગર,તા. ૨૨

મુઝફ્ફરનગર અને આસપાસના વિસ્તારોમાં સાંપ્રદાયિક હિંસામાં સંડોવણી બદલ ખાપ પરિષદના વડા અને તેમના બે પુત્રો સહિત ૮૫ લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, કેટલાક હિંસાનો ભોગ બનેલા લોકોએ ફરીયાદ દાખલ કર્યા બાદ કેસ દાખલ કરવામાં આવ્યો છે. એવો આક્ષેપ કરાયો છે કે, ઠગના વિસ્તારમાં લીસાદ ગામમાં તેમના મકાનને આગ ચાંપી દેવામાં આવી હતી. કોમી રમખાણ દરમિયાન આ બનાવ બન્યો હતો. ૮૫ સભ્યો સામે આઈપીસીની જુદી-જુદી કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે જેમાં કલમ ૧૫૩-એ, કલમ-૩૯૫, કલમ-૪૩૬નો સમાવેશ થાય છે. આ તમામ કલમો હેઠળ ખાપ પરિષદના વડા બાબા હરીકૃષ્ણસિંહ અને તેમના બે પુત્રો સહિત ૮૫ લોકો સામે કેસ દાખલ કરાયો છે. કોમી હિંસાના સંબંધમાં પોલીસ સકંજો મજબુત કરી રહી છે. ઘણાં ધારાસભ્યોની ધરપકડ પણ કરવામાં આવી છે. હજુ સુધી આ ૮૫ પૈકી કોઈની ધરપકડ કરાઈ નથી. ૨૭મી ઓગસ્ટના દિવસે છેડતીના બનાવ બાદ કવાલ ગામમાં ત્રણ લોકોના મોત થયા પછી મુઝફ્ફરનગર અને આસપાસના વિસ્તારોમાં કોમી હિંસા ભડકી ઉઠી હતી. જેમાં હજુ સુધી ૪૮ લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ૧૦હજાર લોકો વિસ્થાપિત થયા છે.

### શબ્દ સમીપે (અનુસંધાન પાન.૪નું)

પણ જો પુરૂષ સ્ત્રી જેવો થાય તો સ્ત્રીઓને જ ન ગમે. કોઇ કહે કે “તારો પતિ તો મહિલા છે.” તો કોઇ સ્ત્રી ને ન ગમે. આ એક જ પરિમાણ બંનેની સ્થિતિ સ્પષ્ટ કરે છે. તેથી બંનેને પૂરક બનાવવાં જોઇએ. પૂરક બનીને જીવન સફળ કરી શકાય છે. વિઘાતક થઇને નહીં.

આ પુસ્તકમાં જે-જે મહિલાઓનાં ચરિત્રોની થોડીક ઝલક બનાવાઇ છે. તે પ્રેરણા માટે બનાવાઇ છે. સ્ત્રીઓ પણ ધારે તો કેટકેટલું મહાન કાર્ય કરી શકે છે તે બતાવવાનો લેખકનો હેતુ છે.

“મહાન મહિલાઓ” પુસ્તકના લેખક સ્વામી સચ્ચિદાનંદજી પણ પ્રગટ થયેલાં છે. તેમનાં ૧૭૦૦ જેટલા પ્રવચનો અને પુસ્તકો વગેરે ઘેર બેઠાં સાંભળવા, વાંચવા વેબસાઇટ પર ઉપલબ્ધ છે. વેબસાઇટ ફ્રી છે અને ડાઉનલોડ કરી શકાય છે. તેમની વેબસાઇટ છે. www.sachchidanandji.org. સચ્ચિદાનંદજીના સેવા આશ્રમો ભક્તિ નિકેતન આશ્રમ દંતાલી, તા. પેટલાદ, સાધનાશ્રમ કોબા, જિ. ગાંધીનગર, સ્વામિ સચ્ચિદાનંદ મિશન સૂરત, અને વૃદ્ધાશ્રમ ઊંઝા. જિ. મહેસાણા ખાતે આવેલ છે. ગૂર્જર ગ્રંથરત્નકાર્યાલય દ્વારા નારી રત્નોને પ્રેરક ગાથાઓનું આ સુંદર પુસ્તક પ્રગટ થયું છે. તે અભિનંદનને પાત્ર છે.

**મહાન મહિલાઓ**
**લેખક : સ્વામી સચ્ચિદાનંદજી**
**પ્રકાશક : ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧**
**પૃષ્ઠ - ૧૭૨, કિંમત - રૂા. ૭૫/-**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨**

# આજે એનઆઈસીની બેઠક

## કોમવાદી હિંસા અને સુરક્ષાના મુદ્દા ચમકશે : વડાપ્રધાન સહિતના તમામ લોકો હાજર રહેશે : મુઝફ્ફરનગરમાં હાલ ભડકેલી હિંસાના સંબંધમાં બેઠક પર તમામની નજર, બેઠકનુ નેતૃત્વ વડાપ્રધાન કરશે : મહિલાઓની સુરક્ષાનો મામલો પણ છવાશે

નવી દિલ્હી,તા. ૨૨

ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં તાજેતરમાં ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસાના પડછાયા હેઠળ આવતીકાલે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં નેશનલ ઈન્ટેગ્રેશન કાઉન્સિલ (એનઆઈસી)ની બેઠક મળનાર છે. જેમાં કોમવાદી હિંસા સહિતના તમામ પાસા પર ચર્ચા કરવામાં આવશે. વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં મળનારી બેઠકમાં કોમી એખલાશને પ્રોત્સાહન આપવા, રાષ્ટ્રીય એકતા અને અખંડતાને પ્રોત્સાહન આપવામાં સોશિયલ નેટવર્કિંગ સાઈટની ભૂમિકા અને ઘૃણાસ્પદ પ્રચારને કઈ રીતે રોકી શકાય તે માટેના પાસા પર ચર્ચા કરવામાં આવશે. એજન્ડા મુજબ ૧૪૮ સભ્યોની એનઆઈસીની બેઠકમાં મહિલાઓની સલામતી અને સુરક્ષાના પાસા પર પણ ચર્ચા કરવામાં આવશે. ઉપરાંત કોમી હિંસાને રોકવા વિશ્વાસ નિર્માણના પગલા પર પણ ચર્ચા કરવામાં આવશે. કોમવાદી તંગદીલીને દુર કરવા માટે સમાજના તમામ વર્ગની મદદ કઈ રીતે લઈ શકાય તચે પાસા પર પણ ચર્ચા કરવામાં આવશે. કેન્દ્રિય પ્રધાનો, લોકસભા અને રાજયસભામાં વિપક્ષના નેતા, તમામ રાજ્યોના મુખ્યપ્રધાનો, કેન્દ્ર શાષિત પ્રદેશોના મુખ્યપ્રધાન એનઆઈસીના સભ્ય તરીકે છે. રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષોના નેતાઓ, રાષ્ટ્રીય પંચના અધ્યક્ષ, જાણીતા પત્રકારો અને જાહેર હસ્તીઓ તેમજ બિઝનેસ અને મહિલા સંગઠનના પ્રતિનિદીઓ પણ આમાં સભ્ય તરીકે છે. સુચિત કોમવાદી હિંસાને રોકવા સાથે સંબંધિત બિલ, તેમા રહેલી જોગવાઈ, કેટલાક રાજ્યોના વિરોધ, કોમી હિંસાના અનુસંધાનમાં એકપક્ષીય રીતે કેન્દ્રિય દળો મોકલવા કેન્દ્ર સરકારને અધિકારના મામલે ચર્ચા કરાશે. બે વર્ષના લાંબા ગાળા બાદ એક દિવસની આ બેઠક યોજાનાર છે.એનઆઈસીની બેઠકમાં તમામ સમુદાય વચ્ચે એક્તા સ્થાપિત કરવાના મુદ્દા પર પણ ચર્ચા થશે. છેલ્લા થોડાક વર્ષોમાં દેશના જુદા-જુદા ભાગોમાં ભડકી ઉઠેલી કોમી હિંસાની એનઆઈસી દ્વારા નોંધ લેવામાં આવી છે. પરિષદની બેઠકમાં કોમી હિંસા, વિભાજીત સંઘર્ષ, મહિલાઓની સુરક્ષાના મુદ્દા ઉપર વિશેષ ચર્ચા કરવામાં આવશે. એનઆઈસીના જણાવ્યા મુજબ માત્ર સરકાર એક્તા અને અખંડતાને મજબુત કરવામાં ભૂમિકા ભજવી શકે નહીં. સમાજના દરેક વર્ગના લોકો આના માટે આગળ આવે તે જરૂરી છે. તમામ નાગરિકો, રાજકારણીઓ, શિક્ષણ શાસ્ત્રીઓ, શિક્ષકો, માતા-પિતા, વિદ્યાર્થીઓ, બિઝનેશમેન, ટ્રેડ યુનિયનના નેતાઓની પણ એકતા અને અખંડતાને જાળવી રાખવાની જવાબદારી છે.

### રાષ્ટ્રીય ભાવનાનું મૂલ્ય... (અનુસંધાન પાન.૪નું)

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના મહત્ત્વ વિશે અને એની વિલક્ષણતા વિશે આજની યુવાપેઢીને વાકેફ કર્યા વગર દેશદાઝના અને રાષ્ટ્રની સિદ્ધિઓ પરત્વે આદરના ગુણો દૃઢમૂળ કરી શકાય નહિ. આવી બધી વાતો દરેકનાં મનમાં દેશભક્તિ લાવી શકે. તેના માટે બાળક કે વિદ્યાર્થી કેન્દ્રસ્થાને છે. બાળપણથી જ ભારતના ઘડવૈયાઓનાં મનમાં રાષ્ટ્ર માટે માન આપશે તો જ તે જ ભવિષ્યમાં ઉત્તમ નાગરિક તરીકે રાષ્ટ્રની ઉન્નતિનો સહકારી બની શકે. દેશભક્તિ, આતંરરાષ્ટ્રીય મૈત્રીભાવના અને વિશ્વબંધુત્વ વિકસાવવા માટે વિદ્યાર્થીઓમાં હકારાત્મક સ્વતંત્ર વિચારશક્તિ, જ્ઞાનનો વાસ્તવિક પરિસ્થિતિમાં ઉપયોગ તથા રાષ્ટ્રની સાચી સમજ ખીલવવી જરૂરી છે. વર્ગખંડોમાં કે અન્યત્ર કાર્યક્રમો દ્વારા ભાષા, ઇતિહાસ, સાહિત્ય, કલા વગેરે આ બાબતમાં મહત્ત્વનું પ્રદાન કરી શકે. વારંવાર ઉદ્ભવતી વૈશ્વિક કટોકટીને નિવારવાનો માત્ર એક ઉકેલ રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ અને વિશ્વભાવનાની કે વિશ્વબંધુત્વની ઉદાર લાગણી છે. રાષ્ટ્રને પાંગળું બનાવતા ભ્રષ્ટાચાર, કોમવાદ, જ્ઞાતિવાદ, ધર્મઝનૂન, નશીલા દ્રવ્યો અને ખરાબ વ્યસનો, શોષણ, અત્યાચાર, હિંસા, બળાત્કાર, આંતકવાદ, યુદ્ધ વગેરે હાનિકારક બાબતો અને સમસ્યાઓને રાષ્ટ્રીયભાવનાથી ઉકેલી શકાય કે મહાત કરી શકાય છે.

# અંકુશ રેખા પર પાકિસ્તાનનો ગોળીબાર

## વર્ષ ૨૦૧૩માં ૧૦૦ વખત યુદ્ધવિરામનો ભંગ : પાકિસ્તાનની સેના દ્વારા કરાયેલા ગોળીબારના જવાબમાં ભારતની પણ કાર્યવાહી

જમ્મુ,તા. ૨૨

પાકિસ્તાની સૈનિકો જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં ભારતીય ચોકી ઉપર બિનઉશ્કેરણીજનક રીતે આજે ફરી એકવાર ગોળીબાર કર્યો હતો. જેના કારણે તંગદિલી ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાની સૈનિકોએ કરેલા ગોળીબારનો ભારતીય સેનાએ પણ જવાબ આપ્યો હતો. જેથી સામ સામે ગોળીબારનો દોર કલાકો સુધી ચાલ્યો હતો. સેનાના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યુંછે કે, પાકિસ્તાની સૈનિકોએ ગઈકાલે મોડી રાત્રે કોઈપણ ઉશ્કેરણી વગર રાજૌરીના અંકુશ રેખા પર હમીરપુર વિસ્તારમાં અમારી ચોકી ઉપર ગોળીબાર કર્યો હતો. જેના જવાબમાં ભારતીય સેનાએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. સંરક્ષણ પ્રવક્તા કેપ્ટન એસ એન આચાર્યએ માહિતી આપતા કહ્યુંહતું કે, પાકિસ્તાની સેનાએ અમારી ચોકીઓ ઉપર હુમલો કરવા નાના હથિયારો અને ઓટોમેટીક હથિયારોનો ઉપયોગ કર્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ રાત્રે ૧૧:૫૫ વાગે ગોળીબાર શરૂ કર્યા બાદ આજે વહેલી પરોઢ સુધી ગોળીબાર ચાલુ રહ્યો હતો. આ ગોળીબારમાં ભારતના પક્ષે કોઈ ખુંવારી થઈ નથી. જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાને આ વર્ષે યુદ્ધ વિરામનો લગભગ ૧૦૦ વખત ભંગ કર્યો છે. યુદ્ધ વિરામનો અવીરત ભંગ પાકિસ્તાને જારી રાખ્યો છે.

## સમાચાર ઝલક

- કેન્યામાં ત્રાસવાદીઓએ આડેધડ મોલમાં ગોળીબાર કરતાં ત્યાં વસતાં કેટલાંય ભારતીય લોકોનાં મોત, ભારતીય સરકાર કેન્યા સરકારનાં સંપર્કમાં.
- આજે મળનારી ૧૪૮ સભ્યોની રાષ્ટ્રીય એકતા સમિતિ.
- ભાજપે આપેલ ઉત્તરપ્રદેશ બંધને મિશ્ર પ્રતિસાદ.
- પતિ-પત્ની માનસિક બિમારી હોય તો છુટા છેડા મળી શકે નહીં : સુપ્રીમકોર્ટ.
- વિદેશી રોકાણકારોએ રૂા. ૧૧,૦૦૦ કરોડનું ભારતીય શેરબજારમાં રોકાણ કર્યું.
- ઉપરવાસમાં વરસાદથી નર્મદા ડેમ ઓવરફ્લો થયો.
- ગોધરામાં ખાણખનિજના અધિકારીઓ પર જીવલેણ હુમલો, અધિકારીઓ સીવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ.
- ગુજરાતમાં આજે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની પેટા ચૂંટણી યોજાઇ.
- પેશાવરમાં ચર્ચમાં બોમ્બ હુમલાથી ૨૫ વ્યક્તિઓનાં મોત, અનેક જખ્મી.
- કેન્દ્ર સરકારે સોનાની આયાતમાં નિયમો હળવા કર્યા.
- શેરબજારમાં સાપ્તાહિક તેજી રહી.
- રાજકોટ-વાંકાનેર નજીક માતા સાથે પાંચ સંતાનોએ કુવામાં ઝંપલાવ્યું, છ જણાંની લાશો કાઢવામાં આવી.
- ઓસ્કાર એવોર્ડ માટે ગુજરાતી ફિલ્મ ‘ધ ગુડ રોડ’ની મોકલવામાં આવશે.
- જામનગર નજીક આંદોલનકારીઓએ રેલ્વે રોકી
- કેન્યાના આતંકવાદી હુમલાથી ગુજરાતમાં ચિંતાનું મોજું.
- મધ્યપ્રદેશમાં લો-પ્રેશર સર્જાતા વાદળ છાયું વાતાવરણ સમગ્ર રાજયમાં છવાયું.
- કચ્છ સરહદે પાકિસ્તાનની સાયલન્ટ ઘૂસણખોરીની તપાસ.
- મુલાયમસિંહ સામે વધુ આવકનો કેસ સી.બી.આઇ. બંધ કરશે.